# જાહેરનામું

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ ના નં.-૨) ની કલમ - ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ નંબર વિ.શાખા "એચ" સેક્શન-૪૬૬ / ૨૦૧૮

હુકમ :

નવરાત્રી મહોત્સવ દરમ્યાન દુર્ગાપુજા નિમિત્તે શ્રી દુર્ગા માતાની પ્રતિમાઓનું સ્થાપન કરી ભવ્ય ઉજવણી કરવામાં આવતી હોય છે અને તે પછી શ્રી દુર્ગા માતાની પ્રતિમાઓનું વિસર્જન સરઘસ કાઢી નદી કે તળાવમાં પ્રતિમાઓનું વિસર્જન કરવામાં આવે છે. ચાલુ વર્ષે શ્રી દુર્ગા પુજા મહોત્સવ નિમિત્તે જુદા જુદા દિવસોએ શ્રી દુર્ગા માતાની પ્રતિમાઓની સ્થાપના કરવામાં આવેલ છે અને તે પછી તા.૧૮-૧૯/૧૦/૨૦૧૮ નારોજ શ્રી દુર્ગા માતાની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવનાર છે.

પર્યાવરણ (એન્વાયરન્મેન્ટ પ્રોટેકશન) એક્ટ-૧૯૮૬ ની કલમ-૫ મુજબ ગુજરાત સરકારશ્રી વન અને પર્યાવરણ ખાતાના પત્ર નં। ENV-10-2010-1004-E ની સુચનાથી નામદાર ગુજરાત તેમજ મહારાષ્ટ્ર હાઇકોર્ટની સુચનાથી આપેલ આદેશ મુજબ પર્યાવરણને નુક્શાન ન થાય તે હેતુથી સાવચેતીના પગલાં રૂપે નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે.

આથી હું એ.કે.સિંઘ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ. તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામાં નં.જીજી/ફ.ક.અ./૧૦૮૮/૬૭૫૦/મ. અન્વયે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

### " પ્રતિબંધિત કૃત્યો "

(૧) પી.ઓ.પી. (પ્લાસ્ટર ઓફ પેરીસની) મૂર્તિઓ વિસર્જન સમયે નદીઓ/તળાવના કિનારે પુજન વિધિ કરી નદીઓ/તળાવના કિનારે રાખવી. નદી કે તળાવમાં પધરાવવી નહી.

(૨) મૂર્તિની બનાવટમાં બીજા ધર્મના લોકોની લાગણી દુભાય તેવા કોઇ ચિન્હો કે નિશાની રાખવી નહીં.

(3) શ્રી દુર્ગા માતાની મૂર્તિઓના સ્થાપના દિવસ બાદ મૂર્તિકારો વધેલી તથા ખંડીત મૂર્તિઓને બિનવારસી હાલતમાં મુકશે નહી.

(૪) શ્રી દુર્ગા માતાની ૯ (નવ) ફુટથી મોટી મૂર્તિની સ્થાપના કરવા ઉપર પ્રતિબંધ રહેશે. આ ઉપરાંત ધાર્મિક તહેવારોમાં ઇકો-ફ્રેન્ડલી (Eco-Friendly) મટીરીયલ્સમાંથી મૂર્તિઓ બનાવવાની રહેશે અને તેમાં કુદરતી કલરોનો ઉપયોગ કરવાનો રહેશે.

**"પ્રતિબંધિત વિસ્તાર"**

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**"પ્રતિબંધિત સમય"**

તા.૧૭/૧૦/૨૦૧૮ ના કલાક- ૦૦/૦૦ થી તા.૧૯/૧૦/૨૦૧૮ ના કલાક- ૨૪/૦૦ સુધી.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સહીતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાંવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રીઓ /અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઇન્સ્પેકટર સુધીના હોદ્દા ધરવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો કલમ ૧૮૮ મુજબ ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમની વ્યકિતગત રીતે દરેકને નોટીસોની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું. આ હુકમની જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનનાં સિનિયર પોલીસ ઇન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીનાં નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવી.

આજ તા૧૬ /ઓક્ટોબર/૨૦૧૮ ના રોજ મારી સહીં અને સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર

( એ.કે.સિંઘ )
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર.

નકલ સવિનય રવાના :-

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી. ગુ.રા.ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિર્દેશકશ્રી (ઇન્ટે), ગુ.રા.ગાંધીનગર.
(૫) પોલીસ કમિશ્નરશ્રી સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.